ગાંધીનગર સમાચાર
તા. ૨૫-૧૨-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સહુએ પોતાનો ક્રોસ પોતે ઉપાડવાનો છે

પ્રભુ પુત્ર તરીકે પોતાની જાતને ઓળખાવનારા ઈસુને ઓળખનારા તો આકાશનાં તારોડિયાં જોઈ ઓળખી ગયા હતા. વિશ્વમાં જયારે જયારે પણ દિવ્યતાનું અવતરણ થયું છે ત્યારે પ્રકૃતિએ એનો આગોતરો શુભ સંકેત પાઠવ્યો છે. ઈસુ જન્મ્યા છે કુંવારી માતા મરિયમની કૂખે. વળી પાછા પશુઓની ગમાણમાં. કૃષ્ણ મધરાતે મથુરાના બંધીગૃહમાં જન્મ્યા અને કૂકડો બોલે એ પહેલાં ગોકુળના નંદગૃહે પહોંચી ગયા. એમનું બચપણ પણ ગોવાળો સાથે વીત્યું. માતા જશોદા એમની મીઠી ઊંઘમાંથી જગાડતાં કેવો સવાલ કરે છે- 'તુજ વિના ધેનમાં કોણ જાશે?/ વડો તે ગોવાળિયો કોણ થાશે?' તો આ ઈસુ પણ એક અર્થમાં એવા વડા ગોવાળિયા થવા અવતર્યા હતા. એમણે કાચી વયે મોટી, તે સમયના લોકોને ગળે ન ઊતરે એવી વાતો ઉચ્ચારી, કેટલાક દિવ્ય ચમત્કારો પણ કર્યા, પરિણામે તેઓ સત્તાધીશોની નજરમાં આવી ગયા. વિશ્વનાં દુ:ખ પંડ પર વહોરવા આવનાર ઈશ્વર પુત્રને એ લોકોએ ધર્મદ્રોહી ગણ્યા. એમને સજા પણ ફરમાવાઈ તો કેટલી ક્રૂર! ભારેખમ ક્રૂસ ઉપાડીને ટેકરી પર ચડવાનું. પછી એ જ ક્રૂસ પર જીવતેજીવ જડાઈ જવાનું. પરંતુ ખ્રિસ્તી ધર્મ મૃત્યુનો નહીં, જીવનનો મહિમા કરે છે. એ પુનર્જીવન- 'રિસરેકશન'માં માને છે. ઈસુ મરે નહીં, મરે એ તો કદાચ ઈસુનું ખોળિયું. જો કે ઈસ્ટ પર્વના પાયામાં તો ગુફાની અંદર મુકાયેલ કોફીનમાંથી ઈસુનું ખોળિયું સુધ્ધાં અલોપ થઈ ગયાની વાત આવે છે. ધર્મ સંસ્થાપકો સાથે આવા ચમત્કારો ન વણાઈ જાય તો જ નવાઈ. પરંતુ એક વાત સાચી કે કૃષ્ણે આપેલા અભયવચન મુજબ જયારે જયારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની બોલબાલા વધી જાય છે ત્યારે

*'પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતાં, ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ।'*

ઈસુએ એમની ટૂંકી જિંદગી દરમિયાન કેટકેટલાંનાં દિલ જીત્યાં છે! એમણે અદૃશ્ય થયા પછી પણ પોતે હરહંમેશ ભકતજનો સાથે રહેવાનું વચન આપ્યું છે. અદ્દલ કૃષ્ણની જેમ. સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ । - આવા અભયદાતાઓને વળી વહાલું શું ને દવલું શું? છતાં કૃષ્ણ અને ઈસુ બેઉ એક જ ભાષામાં વાત કરે છે: ન મે ભક્ત: પ્રણશ્યતિ । - હું મારા ભક્તનો નાશ નહીં થવા દઉં કારણ કે એ મને મારી જાત કરતાં પણ વધારે પ્રિય છે. ઈસુના પ્રેમનો પિયાલો ફક્ત ભકતોને જ મળે એવું નથી. પેલી વ્યભિચારિણીનો પણ એના પર એટલો જ અધિકાર છે. એના ગુના બદલ એને પથ્થર મારીને મારી નાખવા તૈયાર થયેલા ટોળાને ઉદ્દેશીને એ ઓલિયાએ આટલું જ કહ્યું હતું 'જેણે પાપ કર્યું ના એકે, એ પહેલો પથ્થર ફેંકે!' એટલું કહેકાંમાં તો બધાના હાથ હેઠા પડી જાય છે. ભગવાન બુદ્ધે વૈશાલીની નગરવધૂનું નોતરું સ્વીકારીને એને ગૌરવાન્વિત કરી હતી. કૃષ્ણે કુબ્જાને અંગે લગાવીને રૂપાળી બનાવી હતી અને ભગવાન રામચંદ્રે શાપિત અહલ્યાનો શિલા સ્વરૂપમાંથી પુનરુદ્ધાર કર્યો હતો. આજે નાતાલના પવિત્ર પર્વ પર આપણે ઈસુને પારકા નહીં, આપણા ગણીએ. ઈસુના રાજમાં કોઈ કોઈને ગણી શકે ખરું? હેપી ક્રિસમસ!

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ક્રિએટીવ ઝૉન અને ગર્લ્સ હોસ્ટેલના સંયુક્ત ઉપક્રમે પ્રથમવાર રસોઈ શૉ યોજાયો





ગાંધીનગર, તા. ૨૪
કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ક્રિએટીવ ઝોન અને ગર્લ્સ હોસ્ટેલના સંયુક્ત ઉપક્રમે પ્રથમવાર રસોઈ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા સંચાલિત વિવિધ વિદ્યાશાખાઓમાંથી ૧૦૬ વિદ્યાર્થીઓ તથા ૩૨ શિક્ષકોએ રસોઈ શૉમાં ભાગ લીધો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓની મહેનતથી ખૂબ પ્રભાવિત થયા હતા.

ક્રિએટીવ જોન અને ગર્લ્સ હોસ્ટેલ દ્વારા આયોજિત રસોઈ શૉ ચાર ભાગમાં પાડવામાં આવ્યા હતા. જેમાં ગ્રુપ-એમાં ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી અને કાઠીયાવાડી રસોઈ, ગ્રુપ-બીમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રાજસ્થાની અને પંજાબી, ગ્રુપ સીમાં એજ્યુકેશન કોલેજ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે મેકિસકન અને સાઉથ ઈન્ડિયન, ગ્રુપ ડીમાં ટેકનીકલ કોલે, બીબીએ, બીસીએ, ફાર્મસી અને નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે રશિયન, ચાઈનીઝ, ઈટાલિયન રસોઈ બનાવી હતી.

આયોજિત રસોઈ શૉને યાદગાર બનાવવા માટે ભાગલેનાર વિદ્યાર્થીઓએ જે રાજયની કે જે વિસ્તારની રસોઈ હોય તે પ્રમાણેની સંસ્કૃતિને રજૂ કરતાં પરિધાનો, લોકબોલી, વપરાતા સાધનો, પ્રસિદ્ધ નૃત્ય, રંગોલી વગેરે રજૂ કર્યું હતું. વધુમાં બનાવાયેલી વાનગીમાંથી કેટલા ટકા પ્રોટીન, કૅલરી પ્રાપ્ત થાય છે તેની માહિતી લગતો ચાર્ટ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. રસોઈ શૉમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ ઉપસ્થિત મહેમાનોને બનાવેલી વાનગીઓ પોતાના હાથેથી જમાડી હતી.

આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, રજીસ્ટ્રાર એસ.કે.મંત્રાલા, ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ, સહિત વિવિધ સંસ્થાઓમાંથી આચાર્યો, પ્રાધ્યપકો, શિક્ષકો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રસોઈ શૉના નિર્ણાયક તરીકે પરમજીત કૌર છાબરા અને મીરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત વલ્લભભાઈના હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ક્રિએટીવ જોનના કુસુમબેન પટેલ, હૉસ્ટેલના આચાર્યા કૌશલ્યાબેન, હોસ્ટેલના કર્મચારી સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહમત ઉઠાવી હતી.

## ચૈતન્ય સ્કુલમાં 'ટેલ્સ ધ વર્લ્ડ ટેલ' થીમ પર ૧૦મી વર્ષગાંઠની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૨૪
ચૈતન્ય સ્કુલ લેકાવાડા ખાતે અભ્યાસ સાથે શીખવું અને સમજણ સાથે શિખવું વિષય પર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. સ્કુલની ૧૦મી વર્ષગાંઠ નિમિત્તે 'ટેલ્સ ધ વર્લ્ડ ટેલ' થીમને અનુલક્ષીને વિદ્યાર્થીઓએ ચાર્ટ પ્રદર્શિત કર્યા હતાં. તેમજ બાળકોએ ફલેશ-મોબ ડાન્સ રજુ કર્યા હતા. આ પ્રસંગે શ્રીમતી સંગીતા સિંહ આઈ.એ.એસ.



શહેરની પાસે આવેલ લેકાવાડા ગામ ખાતે ચૈતન્ય સ્કુલ આવેલી છે. આ સ્કુલમાં વિદ્યાર્થીઓની આંતરિક શકિત બહાર લાવવાના ઉદ્દેશથી દુનિયા ભરની સંસ્કૃતિ દર્શાવત મોડેલો બનાવવામાં આવ્યા હતાં. ગુજરાત રાજય શાળાના ડાયરેકટર, શ્રીમતી ઈલિઝાબેથ કોશી, નલીના સુબ્બારાવ સહિત ગાંધીનગર અને અમદાવાદની મોટી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી.

## હરિની દૃષ્ટિ...




*છાનામાના નેપાળી કપડા જુઓ... એટલે જ આ માર્કેટમાં હું ભેગી આવીશ...!!*

## શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન ૨૫૩૫ બાળકોનું આરોગ્ય તપાસવામાં આવ્યું

ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સહભાગી થઈ નવ શાળાના બાળકોનો આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાજયમાં સરકાર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં સહભાગી થવા ગજાનન સેવા સમિતિ દ્વારા ૨૫૩૫ બાળકોને તપાસી જરુરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાથબ, ખડસલિયા, ભોળાવદર, કથીવદર, ખેરા, પીપાવાવ શાળાના વિદ્યાર્થીઓને તપાસવામાં આવ્યા હતા. આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સેવા સમિતિ દ્વારા અત્યાર સુધી એક લાખ દસ હજાર જેટલા બાળકોનું આરોગ્ય તપાસી જરુરી દવાઓનું વિતરણ કર્યું હતું.

## નાતાલ પર્વની શરૂઆત આગમન ઋતુથી થાય છે, જેમાં આગમન ઋતુ, ઈસુ જયંતિનો સમય અને પ્રભુ પ્રકાશના તહેવારથી ઈસુના સ્નાન સંસ્કાર સુધીનો સમય, આમ આ ઉત્સવ છ અઠવાડિયા સુધી ચાલે છે, જેમાં કેથોલિક ધર્મસભા વિવિધ પર્વોની ઉજવણી કરે છે

### નાતાલ પર્વે ઉજવાતા અન્ય પર્વો

હસમુક મેકવાન

મનુષ્ય ઉત્સવ પ્રિય છે. પર્વો, ઉત્સવો, તહેવારો, માનવના શુષ્ક જીવનમાં આનંદ અને ઉલ્લાસ આપે છે. આવાજ એક ઉત્સવનું પર્વ એટલે ક્રિસમસનું પર્વ, નાતાલ, ઈસુ જયંતિનું પર્વ. બદલતાં જમાનાની સાથે ક્રિસમસનું પર્વ હવે માત્ર ખ્રિસ્તીઓ પુરતુ સીમિત ન રહેતા વિશ્વમાં સમગ્ર પ્રજાના ઉત્સવનું પર્વ બની ગયું છે.

કેથોલિક ધર્મ સભા ઈસુપંથીઓને વર્ષમાં બે વાર હ્રદય પલટો કરી, પ્રભુ પાસે પાછા વળવાની તક આપે છે. જેમાં એક તપ ઋતુ અને બીજી આગમન ઋતુ. નાતાલ પર્વની શરૂઆત આગમન ઋતુથી થાય છે. જેમાં આગમન ઋતુ, ઈસુ જયંતિનો સમય અને પ્રભુ પ્રકાશના તહેવારથી ઈસુના સ્નાન સંસ્કાર સુધીનો સમય. આમ આ ઉત્સવ છ અઠવાડિયા સુધી ચાલે છે. જેમાં કેથોલિક ધર્મસભા વિવિધ પર્વોની ઉજવણી કરે છે.

**● *આગમન ઋતુ:***

આગમન ઋતુ એટલે મુક્તિદાતા ઈસુના જન્મ વિશેની આગાહીઓ, અગમવાણીઓ અને મુક્તિદાતા અંગેની માનવજીતની ઝંખનાને વાચા આપતી આગાહીઓનું શ્રવણ કરાવવામાં આવે છે.

**● *ઈસુ જયંતિનું પર્વ:***

ઈશ્વરની મંગલયોજના અનુસાર યગુદા દેશના બેથલેહેમ ગામની ગમાણમાં માતા મરિયમની કૂખે બાળ ઈસુ સ્વરૂપે -માનવદેહ ધારણ કરી પ્રભુ પ્રગટ થાય છે. પ્રભુ પોતે માનવ બનતાં માનવ-માનવ વચ્ચે તેમજ માનવ- ઈશ્વર વચ્ચે એક નવા પ્રેમનો સંબંધ સ્થપાય છે. જે પર્વ રૂપે ૨૫મી ડિસેમ્બરે ઉજવાય છે.

**● *ઈશજનેતા માતા મરિયનું પર્વ :***

૧ લી જાન્યુઆરી એટલે ઈસુ જન્મનો આઠમો દિવસ. ધર્મ સંહિતાના નિયોનુસાર ઈસુના જન્મના આઠમા દિવસે તેમના નામકરણ વિધિ કરવાના સમયે માતા મરિયમ અને પિતા યોસેફ તેમનું નામ ઈસુ રાખ્યું. ઈસુ એટલે ઈમાનુ એલ અને ઈમાનુ એલ એટલે ઈશ્વર આપણી સાથે છે. આમ આ દિનને ઈશ્વર જનેતા માતા મરિયમના પર્વ તરીકે ઉજવવામાં આવે છે.

**● *નિર્દોષ બાળકોનો તહેવાર :***

ઈસુ યહુદીયા પ્રાન્તમાં આવેલા બેથલેહમ ગામમાં રાજા હેરોદના સમયમાં જન્મ્યા હતા. નવો જન્મેલ આ બાળક ભવિષ્યમાં રાજા બનશે તેવી બીકને કારણે તેણે બેથલેહમમાં તાજા જન્મેલા તેમજ બે વર્ષથી નીચેના તમામ બાળકો વધ કરવાનો હુકમ કર્યો હતો. એ હત્યાકાંડમાં શહીદ બનેલા નિર્દોષ નાના ભૂલકાં બાળકો ઈસુની ખાતર મૃત્યુ પામ્યા તેના સ્મરણમાં આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે તમામ નાના બાળકોનાં દીર્ઘાયુષ માટે પ્રાર્થના કરી આશીર્વાદીત કરાય છે.

માગી રાજાનો તહેવાર : ઈસુના જન્મ સમયે પૂર્વના રાજાઓ નામે ગાસ્પર, મિલ્કીયોર અને બાલથેઝાર પૂર્વના દેખાયેલો ચાલતા તારાને સહારે બેથલેહમની ગમાણમાં આવ્યા અને બાળક ઈસુ રાજાના માતા-પિતાને વંદન કરી. પોતે રાજાઓ હોવા છતાં આ થનારા રાજ રાજેશ્વર પ્રભુ ઈસુને પોતાની ગાંઠડી છોડી સોનુ, ધૂપ અને બોળ અર્પણ ભેટ ધરી, સ્તુતિ કરી, આ માગી રાજાઓનીનમ્રતાની યાદમાં માગી રાજાઓ તહેવાર ઉજવાય છે.

**● *પ્રભુ ઈસુને મંદિરમાં સમર્પણનો તહેવાર:***

મોશેની ધર્મસંહિતા અનુસાર ઈસુ જન્મના ચાલીસમાં દિવસે માતા મરિયમ અને યોસફ ઈસુને મંદિરમાં પ્રભુને સમર્પિત કરવા લઈ આવ્યા. કારણ ધર્મ સંહિતામાં જણાવ્યું છે કે કુટુંબમાં જન્મેલ પ્રથમ સંતાનને પ્રભુને સર્મપિત કરવા. તે નિયોનુસાર બે હોલા પણ અર્પણ કર્યા હતા.

**● *સિમીયોગ અને હાન્નાનો તહેવાર:***

ઈસુના જન્મ સમયે વયોવૃદ્ધ ધર્મિષ્ઠ અને ભકત હૃદયના સિમીયોન ઈઝરાયેલની પ્રજાના ઉદ્ધારકની ઉત્કંઠતા પૂર્વક રાહ જોતો જીવતો હતો. પવિત્ર આત્મા દ્વારા તેને જણાવાયું હતું કે પ્રભુના અભિષિકત મુક્તિદાતાના દર્શન કર્યા પહેલાં તારુ મૃત્યુ થશે નહીં. ઈસુના માતા-પિતા ધર્મસંહિતાના નિયમો અનુસાર પ્રભુ ઈસુને મંદિરમાં સર્મપિત કરવા આવ્યા ત્યારે આ સિમીયોન પણ પવિત્ર આત્માના પ્રેર્યા મંદિરમાં આવ્યા. તેમણે બાળકને પોતાના હાથમાં લીધો અને ઈશ્વરની સ્તુતિ કરતાં કહ્યું, હે પ્રભુ, તમારા વચન પ્રમાણે તમે હવે તમારા આ દાસને શાંતિથી મુક્ત કરી શકો છો. કારણ કે બધી પ્રજાઓને માટે જે મુક્તિદાતા તમે નિમ્યો છે તેને મેં મારી સગી આંખે નિહાળ્યો છે. જે દેશ-વિદેશના લોકોને અજવાળનાર જયોતિ અને તમારી પ્રજા ઈઝરાયેલનું ગૌરવ છે. આમ સિમીયોને તેમને આશીર્વાદ આપ્યા અને માતા મરિયમને કહ્યું, આ બાળક ઈઝરાયેલમાં ઘણાની ચડતી-પડતીનું નિમિત બનવા સર્જાયા` છે અને એના દ્વારા ઘણા લોકોની મનની વાતો બહાર આવશે.

આ સમયે મંદિરમાં યન્ના નામે એક વયોવૃદ્ધ વિધવા પણ હતી. તે લગ્ન પછી સાત વર્ષ સુધી પોતાના પતિ સાથે રહી અને ત્યારબાદ ચોર્યાસી વર્ષ સુધી વિધવા તરીકે એકલી રહેતી હતી. તે ઉપવાસ અને પ્રાર્થના કરતી હતી અને રાત દિવસ ભક્તિમાં લીન રહેતી હતી. તેણે પણ પ્રભુ ઈસુની દર્શન કરી સ્તુતિ કરી અને જેઓ ઈઝરાયેલની પ્રજાની મુક્તિની રાહ જોતા હતા તે આ મુક્તિદાતા વિશે સૌને વાત કરી.

**● *પવિત્ર કુટુંબનો તહેવાર:***

રાજા હેસેદે બાળ ઈસુની મારી નાખવાની યોજના કરી બેથલેહમના બાળકોને વધ કરવાનો હુકમ કર્યો ત્યારે પ્રભુ દૂતે યોસફને દર્શન દઈને કહ્યું, બાળ ઈસુ અને માતા મરિયમ લઈને મિસરમાં ચાલ્યા જાવ અને એને તમને પ્રભુ તરફથી જણાવવામાં ન આવે ત્યાં સુધી ત્યાં રહેજો. આમ યોસફ, મરિયમ ઈસુ મિસર ચાલ્યા ગયા. રાજા હેસેદના મૃત્યુ પછી ફરી પ્રભુના દૂત તેમને જણાવ્યું કે, બાળ ઈસુને મારી નાખવાનું કાવત્રુ રચનારા ખૂદ મૃત્યુ પામ્યો છે એટલે તમે પોતાના ગામમાં જઈ વસો એટલે તેઓ ગાલીલ પ્રાન્તના નાઝરેથ ગામે આવી રહેવાનું ચાલુ કર્યું. અહીં ઈસુનું બાળપણ માતા મરિયમ- પિતા યોસેફ સાથે નમુનેદાર કુટુંબ તરીકે વીતાવ્યું. અને ઈસુ જ્ઞાનમાં, બળમાં અને વયમાં મોટા થતાં ઈશ્વરની કૃપા અને આશીર્વાદ ઉતરતા રહ્યા. એક આદર્શ, નમૂનેદાર,ભક્તિમય, કુટુંબ જીવનની યાદમાં પવિત્ર કુટુંબનો તહેવાર ઉજવાય છે.

**● *પ્રભુ ઈસુના સ્નાન સંસ્કારનું પર્વ :***

ઈસુ ગાલીલ માંથી સ્નાન સંસ્કાર લેવા સ્નાન સંસ્કારક યોહાન પાસે યર્દન નદીના તટ પર આવ્યા. સ્નાન સંસ્કાર કરાવ્યો. ઈસુ જયારે યર્દન નદીના નીરમાંથી બહાર આવ્યા ત્યારે આકાશના દ્વારા ખુલી ગયા અને તેમણે પવિત્ર આત્માને પારેવાંની રૂપે પોતાની ઉપર ઉતરતો જોયો. એજ વખતે આકાશવાણી સંભળાઈ, આ મારો પુત્ર છે. મારો પ્રિયતમ પુત્ર છે. તેના ઉપર હું પ્રસન્ન છું. આમ અહીં ઈસુનું પ્રભુ તરીકે- ઈશ્વર પુત્ર પ્રગટ થાય છે. ઈસુ દ્વારા જ ઈશ્વર પ્રભુ માનવજાત આગળ પ્રગટ થયા છે અને આમ પ્રભુ પ્રાગટ્યના ઉત્સવ સાથે જ ઈસુ જન્મના ઉત્સવની પૂર્ણહૂતિ થાય છે.

નાતાલ પર્વ નિમિત્તે ઉજવાતા અન્ય પર્વો.